# પેપર ઉત્પાદન કંપનીઓ સાથે 1500 કરોડના MoU

**નવગુજરાત સમય** > ગાંધીનગર: મુખ્યમંત્રી વિજય રુપાણીની ઉપસ્થિતિમાં દેશની પેપર ઉત્પાદન ક્ષેત્રની અગ્રણી કંપની જે કે પેપર લી. સાથે ગુજરાત સરકારે રૂ. ૧૫૦૦ કરોડના એમઓયુ (સમજૂતિ કરાર) કર્યા છે. જેના હેઠળ તાપી જિલ્લાના આદિજાતિ વિસ્તાર સોનગઢમાં આવેલા પ્લાન્ટમાં તેઓ મોર્ડનાઈઝેશન અને વિસ્તરણ કરશે. આ પ્લાન્ટ ડિસેમ્બર-૨૦૨૦માં ઉત્પાદનમાં જશે. પ્લાન્ટની કાર્બન ફૂટપ્રિન્ટ ન્યુનત્તમ હોય તે માટે વિશેષ ધ્યાન રખાશે. પ્લાન્ટમાંથી નીકળતું ગંદુ પાણી ટ્રીટ કરીને ફરીથી તેને ખેતીના ઉપયોગમાં લેવાશે. પ્લાન્ટની પલ્પ પ્રોસેસીંગ ક્ષમતા ૯૦ હજાર ટીપીએથી વધીને ૧,૯૦,૦૦૦ ટીપીએ થશે.